તારીખ : 18/09/2026

# સાવરકુંડલા તાલુકામાં લાંબા વિરામ બાદ મેઘરાજાની જોરદાર એન્ટ્રી: ધોધમાર વરસાદથી પંથકમાં હરખની હેલી..

## બે ઇંચ જેટલો વરસાદ : ખેડૂતો અને વેપારીઓમાં આનંદ: લાંબા ઈંતજાર બાદ વરસેલા વરસાદથી પાકને નવજીવન મળતાં ધરતીપુત્રો અને નગરજનોમાં ખુશીનો માહોલ







સાવરકુંડલા: લાંબા વિરામ બાદ આજે સાવરકુંડલા તાલુકામાં મેઘરાજાએ જોરદાર એન્ટ્રી કરી હતી. વહેલી સવારથી જ આકાશમાં વાદળો ઘેરાયા બાદ વરસાદ શરૂ થયો હતો. સવારથી વરસેલા ધોધમાર વરસાદના કારણે સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.સાવરકુંડલા શહેર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સવારથી જ સાર્વત્રિક વરસાદી માહોલ જોવા મળ્યો હતો. સતત વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી ગરમીમાંથી લોકોને મોટી રાહત મળી હતી.લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આજનો વરસાદ આશીર્વાદરૂપ બન્યો છે. વરસાદના અભાવે પાકને નુકસાનની ચિંતા વચ્ચે સારો વરસાદ વરસતા ખેતી પાકને નવજીવન મળવાની આશા જાગી છે. જેને પગલે ધરતીપુત્રોમાં પણ આનંદની લાગણી જોવા મળી રહી છે.વરસાદના કારણે શહેરના રસ્તાઓ પર પણ પાણી વહેતા જોવા મળ્યા હતા. સાવરકુંડલા પંથકમાં મેઘમહેર થતાં ખેડૂતો, વેપારીઓ તેમજ નગરજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.લાંબા વિરામ બાદ વરસેલા વરસાદે સમગ્ર સાવરકુંડલા પંથકને જાણે ઠંડકની ચાદર ઓઢાડી દીધી હોય તેવો માહોલ સર્જાયો છે. મેઘરાજાની આ પધરામણીથી આગામી દિવસોમાં પણ સારો વરસાદ વરસે તેવી આશા ખેડૂતો અને લોકોમાં જોવા મળી રહી છે.



કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસે સાવરકુંડલા બન્યું દીવડાઓના પ્રકાશથી ઝળહળતું



# સંતો-મહંતોના આશીર્વાદ અને હજારો દીવડાઓના પ્રકાશ વચ્ચે 'આશીર્વાદનો દીવો' કાર્યક્રમની ભવ્ય ઉજવણી

### સેવાના ૨૫ વર્ષને સલામ... સાવરકુંડલાની ધરતી પરથી ગુંજી પ્રાર્થના... 'નરેન્દ્રભાઈ મોદીને દીર્ઘાયુષ્ય મળે અને રાષ્ટ્રસેવાનો સંકલ્પ વધુ મજબૂત બને'...





# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિત્વના ગુણોની અદ્દભુત ગાથાનું ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ કર્યું હૃદયસ્પર્શી વર્ણન, શ્રોતાઓ થયા મંત્રમુગ્ધ












દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ તથા તેમના જાહેરજીવનની ૨૫ વર્ષની અવિરત સેવાયાત્રા નિમિત્તે સાવરકુંડલા ખાતે ભવ્ય અને ભાવસભર 'આશીર્વાદનો દીવો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સંતો-મહંતોના પાવન આશીર્વાદ, હજારો દીવડાઓના ઝળહળતા પ્રકાશ અને મોટી સંખ્યામાં ઉમટી પડેલા નગરજનોની રાષ્ટ્રભાવનાથી સાવરકુંડલાની ધરતી પર અનોખો આધ્યાત્મિક અને રાષ્ટ્રભાવનાથી ઓતપ્રોત માહોલ સર્જાયો હતો. આ કાર્યક્રમમાં સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમા સંતો-મહંતોની પાવન ઉપસ્થિતિમાં ધારાસભ્યશ્રી સહિત ઉપસ્થિત સૌએ દીપ પ્રજ્વલિત કરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને રાષ્ટ્રસેવા માટે અવિરત શક્તિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે સંતો-મહંતોએ વડાપ્રધાનશ્રીના જન્મદિવસ નિમિત્તે આશીર્વાદ પાઠવી તેમના રાષ્ટ્રસેવાના સંકલ્પને વધુ બળ મળે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષની જાહેર જીવનની સેવાયાત્રાને બિરદાવતા નગરજનો અને ઉપસ્થિત કાર્યકરોએ હજારો દીવડાઓ પ્રજ્વલિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.એક પછી એક પ્રજ્વલિત થતા દીવડાઓ સાથે જાણે સાવરકુંડલાની ધરતી પરથી એક જ ભાવના પ્રકાશિત થઈ રહી હતી 'રાષ્ટ્રસેવાના આ દીપને વધુ પ્રકાશ મળે, નરેન્દ્રભાઈ મોદીને દીર્ઘાયુષ્ય મળે અને ભારત વધુ ઊંચાઈઓ સર કરે.'આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિત્વ અને તેમની સેવાયાત્રાના વિવિધ પાસાઓનું હૃદયસ્પર્શી વર્ણન કર્યું હતું.તેમણે નરેન્દ્રભાઈના વ્યક્તિત્વમાં રહેલી નમ્રતા, નૈતિકતા, નિર્ણાયકતા, નિર્ભયતા, નિપુણતા, નિર્મળતા અને નિયમિતતા જેવા ગુણોને તેમની જાહેરજીવનની યાત્રા સાથે સાંકળીને રોચક અને ભાવસભર રજૂઆત કરી હતી.શ્રી કસવાલાએ જણાવ્યું હતું કે, ૨૫ વર્ષની જાહેરજીવનની આ યાત્રા માત્ર સત્તાની યાત્રા નથી, પરંતુ સંકલ્પ, સેવા, સમર્પણ અને રાષ્ટ્રનિર્માણની યાત્રા છે. તેમના સંબોધન દરમિયાન અનેક પ્રસંગોના ઉલ્લેખથી ઉપસ્થિત શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા હતા.'દીપ પ્રજ્વલન માત્ર એક કાર્યક્રમ ન રહેતાં તે રાષ્ટ્રસેવા, જનકલ્યાણ અને ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટેની સામૂહિક પ્રાર્થનાનું પ્રતીક બની ગયું હતું.આ આશીર્વાદ દિવો કાર્યક્રમમા ઉપસ્થિત સૌએ વડાપ્રધાનશ્રીને દીર્ઘાયુષ્ય અને ઉત્તમ સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તથા તેમના નેતૃત્વ હેઠળ ભારત વિકાસના નવા શિખરો સર કરે, આત્મનિર્ભર, સમૃદ્ધ અને સશક્ત રાષ્ટ્ર તરીકે વિશ્વમાં વધુ મજબૂત સ્થાન પ્રાપ્ત કરે તેવી પ્રાર્થના કરી હતી.આ કાર્યક્રમ સંતો-મહંતોના આશીર્વાદ, જનતાની લાગણી અને કાર્યકરોના ઉત્સાહથી સમગ્ર વાતાવરણ ભક્તિ, રાષ્ટ્રભાવના અને સેવાભાવના ત્રિવેણી સંગમ સમાન બની ગયું હતું.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ અને જાહેરજીવનની ૨૫ વર્ષની સેવાયાત્રાને સમર્પિત આ 'આશીર્વાદનો દીવો' કાર્યક્રમ દ્વારા સાવરકુંડલાની જનતાએ એકસાથે દીવડાઓ પ્રજ્વલિત કરી દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને અવિરત રાષ્ટ્રસેવા માટે હાર્દિક શુભેચ્છાઓ અને પ્રાર્થના પાઠવી હતી.દીવડો એક હતો, લાગણી હજારોની હતી...પ્રકાશ એક હતો, સંકલ્પ સમગ્ર રાષ્ટ્રનો હત અને પ્રાર્થના એક જ હતી 'નરેન્દ્રભાઈ મોદીને દીર્ઘાયુષ્ય મળે, ભારત સતત પ્રગતિના પંથે આગળ વધે અને રાષ્ટ્રસેવાનો આ પ્રકાશ અવિરત પ્રજ્વલિત રહે.'આ પ્રસંગે જિલ્લા પ્રભારી શ્રી અભયભાઈ ચૌહાણ, અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી દક્ષાબેન ચોવડિયા, જિલ્લા ભાજપના હોદ્દેદારો, તાલુકા તથા શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો, નગરપાલિકાના હોદ્દેદારો તથા સદસ્યો, તાલુકા પંચાયતના હોદ્દેદારો તથા સદસ્યો, તાલુકા વિસ્તારના આચાર્યો, વિદ્યાર્થીઓ તેમજ સાવરકુંડલા શહેર અને તાલુકાના મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 18/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વિશ્વાસ ઓટો કન્સલ્ટ

## મોડલ ૨૦૧૩ થી ૨૦૨૬ સુધીના તમામ કારની કંપનીના મોડલ હાજરમાં...

## હવેથી નવા સરનામે

## એકયુરેટ હીરોના શો રૂમની સામે, મહુવારોડ, સાવરકુંડલા




## સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.

ક્રેટા, સ્વીફ્ટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફ્ટ ડીઝાયર, આઈ-10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોકસ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...

નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો.

એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..

આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો...

હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી
મો. 98248 17492

હાજી અમજદભાઈ એસ. શેખાણી
મો. 95742 02753

જુનેદભાઈ એસ. શેખાણી
મો. 97235 95955

કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

## સેવા પરમો ધર્મ | રક્તદાન એ જીવનદાન

# સાવરકુંડલામાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત રક્તદાન કેમ્પ યોજાયો

### સાંસદ શ્રી ભરતભાઈ સુતરીપા તેમજ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા યુવા ભાજપ પરિવાર દ્વારા સેવાકીય આયોજન કરવામા આવ્યો

દેશના યશસ્વી અને આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સાવરકુંડલા ખાતે અમરેલી જિલ્લા યુવા ભાજપ પરિવાર દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંસદ શ્રી ભરતભાઈ સુતરીપા, ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં યુવાનો સહિત વિવિધ વર્ગના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.રક્તદાન એ માનવસેવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. જરૂરિયાતના સમયે એક યુનિટ રક્ત કોઈ જરૂરિયાતમંદ દર્દી માટે જીવનની આશા બની શકે છે. માનવતાના આ સેવાકીય કાર્યમાં જોડાઈ રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓને આયોજકો દ્વારા હૃદયપૂર્વક અભિનંદન અને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ સેવાકીય આયોજનનો મુખ્ય હેતુ સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ વધારવાનો તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ થઈ શકે તે માટે સહભાગી બનવાનો રહ્યો હતો.આ પ્રસંગે 'સેવા સંકલ્પ અભિયાન'ના ઈન્ચાર્જ શ્રી દિવ્યેશ વેકરિયા, મંડળ પ્રમુખ શ્રી અનિરુદ્ધસિંહ રાઠોડ, શ્રી રજનીભાઈ ડોબરિયા, પાલિકા પ્રમુખ શ્રી નયનાબેન કાપડિયા સહિતના આગેવાનો, કાર્યકરો અને રક્તદાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.











તારીખ : 18/09/2026

# નેપાળની મહાઆફતે જિંદગીની ૫ મોટી શિખામણ આપી દીધી..

1. પહેલી શિખામણ: કાલની કોઈ ગેરંટી નથી. જે કરવું છે, તે આજે જ કરી લો.

2. બીજી શિખામણ: કુદરતથી મોટું કોઈ નથી. માણસ ગમે તેટલો શક્તિશાળી બની જાય, પણ કુદરત સામે તે ખૂબ જ નાનો છે.

3. ત્રીજી શિખામણ: પૈસા દરેક જગ્યાએ કામ નથી આવતા. મુશ્કેલીમાં કેટલીક વાર સંપત્તિ કરતાં કોઈ માણસનો લંબાવેલો હાથ વધુ કામ આવે છે.

4. ચોથી શિખામણ: અહંકાર કઈ વાતનો કરવો? ઘર, ગાડી, પૈસો, હોદ્દો... એક જ ક્ષણમાં બધું પાછળ છૂટી શકે છે. જેટલું થઈ શકે એટલું કોઈના કામમાં આવો, ત્યારે જ વાત બનશે.

5. પાંચમી અને અંતિમ શિખામણ: એમના માટે સમય કાઢો જે ખરેખર તમારા માટે ઊભા છે. કારણ કે આપણે આખી જિંદગી વસ્તુઓ ભેગી કરતા રહીએ છીએ, પણ અંતમાં યાદી ફક્ત લોકો સાથે વિતાવેલા સમયની જ રહી જાય છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭

ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹૭૫૦૦ ખરીદી પર એક માલામાલ કુપન 'ફ્રી'

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 18/09/2026

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ – સાયન્સ વિભાગ દ્વારા ભવ્ય રમતોત્સવનું આયોજન






શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના સાયન્સ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે રુચિ કેળવવા, શારીરિક તંદુરસ્તી વધારવા તેમજ ટીમવર્ક, શિસ્ત અને રમતગમતની ભાવના વિકસાવવા માટે ભવ્ય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.રમતોત્સવ દરમિયાન વિવિધ રસપ્રદ અને રોમાંચક રમતગમતની સ્પર્ધાઓ જેવી કે ક્રિકેટ, દોડ, વિગેરે રમતો યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની રમતગમતની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. વિવિધ ટીમો વચ્ચે યોજાયેલી સ્પર્ધાઓમાં ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમત, શિસ્ત અને ટીમભાવનાનું પ્રદર્શન કરી સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.કાર્યક્રમ દરમિયાન ગુરુકુળના મેનેજિંગ ટ્રસ્ટી સ્વામી અક્ષરમૂકતદાસજી તથા નિયામક શ્રી્ આચાર્યશ્રી, શિક્ષકગણ તથા આમંત્રિત મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. મહાનુભાવોએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં અભ્યાસની સાથે રમતગમતનું પણ જીવનમાં વિશેષ મહત્વ હોવાનું જણાવ્યું હતું.રમતોત્સવના અંતે વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા તથા શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સાયન્સ વિભાગના શિક્ષકો તથા વિદ્યાર્થીઓના સહયોગથી સુંદર રીતે કરવામાં આવ્યું હતું.આ રમતોત્સવે વિદ્યાર્થીઓમાં નવી ઊર્જા, ઉત્સાહ અને ખેલદિલીની ભાવના જગાવી હતી. સમગ્ર કાર્યક્રમ આનંદમય અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




## અરે... વાહ...

## ૯,૯૯૯ સુધી

**કરોડોની કિંમતના ઈનામો!**

**હા, સાચું વાંચ્યું.**

## તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

**તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ**

ઓફર: ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

તારીખ : 18/09/2026

# અભિષેક શર્માની તોફાની સદીથી ભારતનો અફઘાનિસ્તાન સામે 3-0થી શ્રેણી વિજય




127 રને અફઘાનિસ્તાનને હરાવી ટીમ ઈન્ડિયાએ શ્રેણીમાં કર્યો ક્લીન સ્વીપ; અભિષેક શર્માએ 30 બોલમાં સદી ફટકારી રચ્યો નવો રેકોર્ડનવી દિલ્હી ખાતે રમાયેલી ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રીજી અને અંતિમ T-20 આંતરરાષ્ટ્રીય મેચમાં ટીમ ઈન્ડિયાએ શાનદાર પ્રદર્શન કરતાં અફઘાનિસ્તાનને 127 રને હરાવી ત્રણ મેચની શ્રેણી 3-0થી પોતાના નામે કરી હતી. ભારતે પ્રથમ બેટિંગ કરતાં 20 ઓવરમાં 7 વિકેટે 221 રનનો વિશાળ સ્કોર નોંધાવ્યો હતો, જેના જવાબમાં અફઘાનિસ્તાનની ટીમ 14.1 ઓવરમાં 94 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ભારતની આ વિજયી ઈનિંગ્સના મુખ્ય શિલ્પી બન્યા અભિષેક શર્મા. ડાબોડી ઓપનરે મેદાન પર ઉતરતાની સાથે જ આક્રમક બેટિંગનો પરિચય આપતાં અફઘાનિસ્તાનના બોલરો સામે ચોગ્ગા-છગ્ગાનો વરસાદ વરસાવ્યો હતો. અભિષેકે માત્ર 30 બોલમાં સદી પૂર્ણ કરી, જે ભારતીય પુરુષ બેટ્સમેન દ્વારા T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ફટકારવામાં આવેલી સૌથી ઝડપી સદી બની છે. અભિષેક શર્મા આખરે 34 બોલમાં 108 રન બનાવી આઉટ થયો હતો. તેની આ વિસ્ફોટક ઈનિંગ્સમાં 9 ચોગ્ગા અને 11 છગ્ગા સામેલ હતા. તેની સાથે સંજુ સેમસને પણ 50 રનની મહત્વપૂર્ણ અડધી સદી ફટકારી હતી. બંને વચ્ચેની ઝડપી ભાગીદારીએ ભારતને શરૂઆતના ઓવરોમાં જ મજબૂત સ્થિતિમાં પહોંચાડી દીધું હતું.

ભારતે પાવરપ્લેની છ ઓવરમાં જ 100 રનનો આંકડો પાર કર્યો, જે T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારતનો અત્યાર સુધીનો સર્વોચ્ચ પાવરપ્લે સ્કોર બન્યો. અભિષેકે પ્રથમ છ ઓવરમાં જ 76 રન બનાવી પોતાની આક્રમક બેટિંગનો પરચો આપ્યો હતો. 221 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી અફઘાનિસ્તાનની ટીમ ભારતીય બોલિંગ સામે ટકી શકી નહોતી અને માત્ર 94 રનમાં ઓલઆઉટ થઈ હતી.

ભારત તરફથી નિતીશ કુમાર રેડ્ડી અને રવિ બિશ્નોઈએ ત્રણ-ત્રણ વિકેટ, જ્યારે અક્ષર પટેલે બે વિકેટ ઝડપી હતી. આ સાથે ભારતે ત્રીજી મેચમાં 127 રનની શાનદાર જીત મેળવીને ત્રણ મેચની T-20 શ્રેણી 3-0થી જીતી લીધી. અભિષેક શર્માને તેના ઐતિહાસિક પ્રદર્શન બદલ પ્લેયર ઓફ ધ મેચ તેમજ પ્લેયર ઓફ ધ સિરીઝનો ખિતાબ મળ્યો હતો.

અભિષેક શર્માની આ ઈનિંગ્સે માત્ર મેચનું પરિણામ જ બદલ્યું નહીં, પરંતુ ભારતીય T-20 ક્રિકેટના રેકોર્ડબુકમાં પણ પોતાનું નામ નોંધાવ્યું છે. 30 બોલમાં સદી સાથે તેણે ભારતીય T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઝડપી સદીનો નવો માપદંડ સ્થાપિત કર્યો છે.

તારીખ : 18/09/2026

# ખાંભા તાલુકા ભાજપ દ્વારા 'એક દીવો આશીર્વાદનો' કાર્યક્રમ યોજાયો





## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે દીપ પ્રાગટ્ય કરી દીર્ઘાયુષ્ય અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે પ્રાર્થના

ખાંભા તા. ભાજપ દ્વારા ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે તેમની ૨૫ વર્ષની અવિરત જનસેવાને વંદન અર્પણ કરવા તથા તેમના દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને સુખમય જીવન માટે 'એક દીવો આશીર્વાદનો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.ખાંભા શહેરના પ્રસિદ્ધ શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરે યોજાયેલા આ ધાર્મિક અને ભાવસભર કાર્યક્રમમાં ભાજપના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ તેમજ અધિકારીશ્રીઓની વિશાળ ઉપસ્થિતિ રહી હતી.

ઉપસ્થિત સૌએ શ્રદ્ધાપૂર્વક દીપ પ્રાગટ્ય કરી 'એક દીવો આશીર્વાદનો' અંતર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુષ્ય અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી.આ પ્રસંગે ઉપસ્થિત ભાજપના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રનિર્માણ, જનસેવા અને દેશના વિકાસ માટેના અવિરત સમર્પણને યાદ કરી તેમના જન્મદિવસ નિમિત્તે ભાવપૂર્વક અભિવાદન કર્યું હતું.

ધાર્મિક આસ્થા અને જનસેવાના ભાવ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં 'એક દીવો આશીર્વાદનો' પ્રગટાવી સમગ્ર સમાજ અને દેશ માટે સુખ, શાંતિ, સમૃદ્ધિ તથા પ્રગતિની પણ પ્રાર્થના કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

કે.ડી. NEWS

તારીખ : 18/09/2026



# વડનગરથી કાશીની પવિત્ર ભૂમિને જોડતી 'સેવા યાત્રા'નો ભવ્ય શુભારંભ થયો








પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ૭૬મા જન્મદિવસ તથા રાષ્ટ્ર અને જનસેવા ક્ષેત્રે તેમના ૨૫ વર્ષના અવિરત સમર્પણને નિમિત્ત બનાવી વડનગરથી કાશીની પવિત્ર ભૂમિને જોડતી 'સેવા યાત્રા'નો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો.રાષ્ટ્રનિર્માણ અને અંત્યોદયના સંકલ્પ સાથે શરૂ થયેલી આ સેવા યાત્રાના પ્રસ્થાન પ્રસંગે માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી અનુપ્રિયા પટેલજી, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલજી, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે, પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સહિત સંગઠનના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.વડનગરની પાવન ધરતીથી શરૂ થયેલી આ યાત્રા કાશીની પવિત્ર ભૂમિ સુધી જનસેવા, રાષ્ટ્રસેવા અને સમર્પણનો સંદેશ પહોંચાડશે. સેવા, સુશાસન અને અંત્યોદયના વિચારોને જન-જન સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે આગળ વધતી આ યાત્રા સમાજના વિવિધ વર્ગોને સેવા કાર્યો સાથે જોડવા માટે પ્રેરણારૂપ બનશે.પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષના સેવાકાળને વંદન સાથે આયોજિત આ 'સેવા યાત્રા' રાષ્ટ્રહિત, જનકલ્યાણ અને સેવા સંકલ્પને વધુ મજબૂત બનાવે તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

તારીખ : 18/09/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# માણસો જોઇએ છે - 3

## ફર્નિચરનાં શો રૂમમાં કામ કરી શકે તેવા માણસો જોઇએ છે..

## મુકેશ ફર્નિચર

નદી બજાર, રજકાપીઠ, સાવરકુંડલા

મો. ૯૯૭૯૩ ૧૦૮૯૬

મો. ૯૧૦૬૬ ૭૬૮૩૨

તારીખ : 18/09/2026

# સાવરકુંડલા શહેરના વિવિધ વિસ્તારોમાં ગણેશ મહોત્સવની ભક્તિમય ઉજવણી







સાવરકુંડલા શહેરમાં ગણેશ મહોત્સવની ભક્તિ અને ઉત્સાહભેર ઉજવણી ચાલી રહી છે ત્યારે શહેરના વિવિધ વિસ્તારોમાં આયોજિત ગણેશ મહોત્સવના ધાર્મિક કાર્યક્રમોમાં સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ ગણેશ મંડળો દ્વારા સ્થાપિત શ્રી ગણેશજીની પ્રતિમાના દર્શન કરી ધારાસભ્યશ્રીએ ભાવપૂર્વક પૂજન-અર્ચન કર્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ ભગવાન શ્રી ગણેશજીના ચરણોમાં શીશ નમાવી સમગ્ર સાવરકુંડલા-લીલીયા મતવિસ્તાર સહિત સૌ નાગરિકોના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, આરોગ્ય અને સદૈવ આનંદ જળવાઈ રહે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી.ગણેશ મહોત્સવ નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોમાં ભક્તિમય વાતાવરણ જોવા મળી રહ્યું છે. ગણપતિ બાપ્પાની ભક્તિ સાથે વિવિધ મંડળો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક તથા સામાજિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. શહેરના નાગરિકો મોટી સંખ્યામાં ગણપતિ બાપ્પાના દર્શન માટે પહોંચી રહ્યા છે અને સમગ્ર વાતાવરણ 'ગણપતિ બાપ્પા મોરિયા'ના જયઘોષથી ગુંજી રહ્યું છે.

આ પ્રસંગે શહેરના રાજકીય તથા સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, ગણેશ મંડળોના કાર્યકરો, યુવાનો તેમજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનો અને કાર્યકરોએ પણ ગણપતિ બાપ્પાના દર્શન કરી સૌના કલ્યાણ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

ગણેશ મહોત્સવ માત્ર ધાર્મિક આસ્થા પૂરતો સીમિત ન રહેતા સમાજમાં એકતા, ભાઈચારો, સેવા અને સદભાવનાનો સંદેશ આપતો પર્વ બની રહ્યો છે. વિવિધ વિસ્તારોમાં યોજાતા કાર્યક્રમોમાં લોકોની ઉત્સાહભેર ભાગીદારીથી શહેરમાં ઉત્સવનો માહોલ વધુ જીવંત બન્યો છે.ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ ગણેશ મહોત્સવના આયોજકો, કાર્યકરો અને શ્રદ્ધાળુઓને શુભકામનાઓ પાઠવી હતી અને ભગવાન શ્રી ગણેશજી સૌના જીવનમાંથી વિઘ્નો દૂર કરી સુખ-સમૃદ્ધિ અને શાંતિના આશીર્વાદ વરસાવે તેવી પ્રાર્થના કરી હતી.

## ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ ગણપતિ બાપ્પાના દર્શન કરી પૂજન-અર્ચનનો લાભ લીધો

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી NEWS
તારીખ : 18/09/2026

# સાહિત્યકાર બિંદુ ભટ્ટનો આજે જન્મદિવસ



ગુજરાતી સાહિત્યના જાણીતા નવલકથાકાર, વાર્તાકાર, વિવેચક અને અનુવાદક બિંદુ ભટ્ટની આજે, 18 સપ્ટેમ્બરે જન્મ દિવસ નિમિત્તે સાહિત્યપ્રેમીઓ દ્વારા તેમના સર્જન અને સાહિત્યિક યોગદાનને યાદ કરવામાં આવી રહ્યું છે.બિંદુ ભટ્ટનો જન્મ 18 સપ્ટેમ્બર, 1954ના રોજ રાજસ્થાનના જોધપુર ખાતે થયો હતો. તેમણે ગુજરાતી સાહિત્યમાં પોતાની આગવી સર્જનાત્મક અભિવ્યક્તિ અને સંવેદનશીલ લેખનશૈલીથી વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે.તેમની નોંધપાત્ર કૃતિઓમાં *'મીરા યાજ્ઞિકની ડાયરી', 'અખેપાતર' અને 'બાંધણી'*નો સમાવેશ થાય છે. ખાસ કરીને 'અખેપાતર' નવલકથાને વર્ષ 2003 માટેનો પ્રતિષ્ઠિત સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.બિંદુ ભટ્ટના સાહિત્યસર્જનમાં માનવીય સંવેદનાઓ, સંબંધોની ગહનતા અને સમાજજીવનના વિવિધ પાસાંને અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યા છે.

તારીખ : 18/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

# સાવરકુંડલા ગજાનંદ યુવા ગ્રુપ દ્વારા ગણપતિ દાદાને અદભુત શણગાર



સાવરકુંડલા શહેરના જેસર રોડ વિસ્તારમાં ગજાનંદ યુવા ગ્રુપ 2026 દ્વારા ગણપતિ મહોત્સવની ભક્તિભાવ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. ગણપતિ મહોત્સવ અંતર્ગત શ્રી ગણપતિ દાદાની મૂર્તિને આકર્ષક અને અદભુત શણગાર કરવામાં આવ્યો છે, જે ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.ગણપતિ દાદાના ભવ્ય શણગાર સાથે સમગ્ર પંડાલને પણ સુંદર રીતે શણગારવામાં આવ્યો છે. રંગબેરંગી રોશની, મનમોહક સજાવટ અને ભક્તિમય વાતાવરણના કારણે જેસર રોડ વિસ્તાર ગણેશમય બન્યો છે.

મોટી સંખ્યામાં ભક્તો ગણપતિ દાદાના દર્શન કરી પૂજન-અર્ચનનો લાભ લઈ રહ્યા છે અને સૌના સુખ, શાંતિ, સમૃદ્ધિ તથા આરોગ્ય માટે પ્રાર્થના કરી રહ્યા છે.ગજાનંદ યુવા ગ્રુપના યુવાનો દ્વારા ગણપતિ મહોત્સવને યાદગાર બનાવવા માટે આયોજનબદ્ધ રીતે વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

યુવાનોની મહેનત, શ્રદ્ધા અને સર્જનાત્મકતાના સુંદર સમન્વયથી ગણપતિ દાદાના દર્શન માટે આવતા ભક્તોમાં પણ આનંદ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.ગણપતિ મહોત્સવ દરમિયાન *"ગણપતિ બાપ્પા મોરિયા"*ના જયઘોષથી સમગ્ર વિસ્તાર ભક્તિમય બની રહ્યો છે. ગજાનંદ યુવા ગ્રુપ દ્વારા સૌ ભાવિક ભક્તોને ગણપતિ દાદાના દર્શનનો લાભ લેવા તથા મહોત્સવમાં સહભાગી બનવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

# બ્રાન્ડ તો બનાવવી જ પડે..




ડીઝીટલ પ્લેટફોર્મ પર
હરણફાળ ભરનાર

પ્રકાશ પ્રિન્ટર્સ®

હંમેશા એક કદમ આગળ...

તમારો પોતાના ધંધો ઓનલાઈન લાવ્ય કરો
અને બનાવો તમારા પોતાના

## ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ
તમારા બિઝનેસને આપો

## એક નવી ડિજિટલ ઓળખ !

માત્ર **299** + GST પ્રતિ વર્ષ

- તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
- તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
- Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
- તમારા બિઝનેસ માટે Video Gallery
- Customer Reviews દર્શાવવાની સુવિધા
- WhatsApp Direct Contact ની સુવિધા
- Google Map Location ઉમેરવાની સુવિધા
- તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
- તમારી Digital Profile માટે QR Code
- Digital Visiting Card બનાવવાની સુવિધા
- Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

વધુ માહિતી માટે સંપર્ક :

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડિઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ,
ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....

કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

# અમરેલી ખાતે 'સ્વચ્છતા હી સેવા' અભિયાનનો પ્રારંભ: 'આશીર્વાંદના દીવા' કાર્યક્રમમાં નાગરિકોએ સ્વચ્છતાના શપથ લીધા







અમરેલી તા. ૧૮ સપ્ટેમ્બર,૨૦૨૬ - અમરેલી જિલ્લા મથકે સમગ્ર શહેર અને જિલ્લાને સ્વચ્છ અને સુંદર બનાવવાના ઉમદા હેતુથી એક વિશેષ સ્વચ્છતા અભિયાનનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. ગતરોજ 'આશીર્વાંદના દીવા' જિલ્લાકક્ષા કાર્યક્રમમાં શહેરના પ્રબુદ્ધ નાગરિકો, સામાજિક અગ્રણીઓ અને વહીવટી તંત્રના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સમગ્ર વાતાવરણ દેશભક્તિ અને સેવાના રંગે રંગાયું હતું, અને ઉપસ્થિત સૌ કોઈએ સ્વચ્છતા પ્રત્યે પોતાની નૈતિક ફરજ નિભાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, દેશના વડાપ્રધાનશ્રી ના સેવા કાર્યોથી પ્રેરિત થઈને 'સ્વચ્છતા હી સેવા'અભિયાન અંકર્ગત તમામ નાગરિકો, ભાઈઓ-બહેનો અને યુવાનોએ એકસાથે શપથ લઈને પોતાના ઘર, શેરી, મહોલ્લા અને જાહેર સ્થળોને કચરામુક્ત રાખવા માટેના દ્રઢ સંકલ્પ કર્યો હતો.

આ વ્યાપક ઝુંબેશના પ્રારંભે વહીવટી તંત્ર અને સ્થાનિક પદાધિકારીઓ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે સ્વચ્છતા એ કેવળ સરકારી કાર્યક્રમ નથી પરંતુ જન-આંદોલન છે. આ અભિયાન આગામી દિવસોમાં અમરેલીના ખૂણે-ખૂણા સુધી પહોંચશે, જેમાં શ્રમદાન અને લોકભાગીદારી દ્વારા સફાઈ પ્રવૃત્તિઓ વેગવંતી બનાવવામાં આવશે.

તારીખ : 18/09/2026

# સેવા સંકલ્પ અભિયાન

## અમરેલી નગરપાલિકા ટીમ દ્વારા શહેરમાં સેન્ટર પોઈન્ટ સર્કલ, ઓમ નગર, લાઠી રોડ સહિતના જાહેર રોડ રસ્તા અને વિવિધ સ્થળો પર સ્વચ્છતા ઝુંબેશ

### નગરપાલિકા પ્રમુખ શ્રી વૈશાલીબેન માંગરોળીયા સહિતના પદાધિકારીશ્રીઓએ સ્વચ્છતા પ્રવૃત્તિ કરીને શ્રમદાન કર્યું









અમરેલી તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ - ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત અમરેલી નગરપાલિકા દ્વારા સમગ્ર શહેરમાં એક વિશેષ સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત અમરેલી શહેરના મુખ્ય કેન્દ્ર સમાન સેન્ટર પોઈન્ટ સર્કલ વિસ્તાર, ઓમ નગર, તેમજ લાઠી રોડ સહિતના જાહેર માર્ગો અને વિવિધ જાહેર સ્થળો પર સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે, કે તા. ૧૭ સપ્ટેમ્બર થી તા. ૧૭ ઓક્ટોબર સુધી એક માસ દરમિયાન અમરેલી જિલ્લામાં તમામ તાલુકામાં અને શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ સાથે સરકારના વિવિધ વિભાગોની જિલ્લા કચેરીઓમાં પણ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ યોજાશે. નગરપાલિકા ટીમ દ્વારા રસ્તાઓ પરથી કચરો હટાવી, ઝાડુ લગાવી અને સફાઈ પ્રવૃત્તિઓ કરીને શ્રમદાન કરવામાં આવ્યુ હતુ. સ્વચ્છતા એ માત્ર દેખાવ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સીધી રીતે જાહેર આરોગ્ય સાથે જોડાયેલી અનિવાર્ય બાબત છે. જ્યારે જાહેર રસ્તાઓ, સોસાયટીઓ અને તળાવો સ્વચ્છ રહે છે, ત્યારે મચ્છરજન્ય કે પાણીજન્ય રોગચાળો ફેલાવવાનો ભય ધરમૂળથી ઘટી જાય છે. શુદ્ધ અને કચરામુક્ત વાતાવરણ નાગરિકોને માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. આથી જ, જાહેર આરોગ્યના સુખાકારી માટે અમરેલી નગરપાલિકા દ્વારા નાગરિકોને પણ પોતાના ઘરની આસપાસ સફાઈ રાખવા અને આ સુંદર અભિયાનમાં કાયમી સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.આ સ્વચ્છતા ઝુંબેશમાં અમરેલી નગરપાલિકાના પ્રમુખ શ્રી વૈશાલીબેન માંગરોળીયા, ચીફ ઓફિસર શ્રી વિનોદ રાઠોડ સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ પ્રત્યક્ષ રીતે જોડાયા હતા. તેમની સાથે નગરપાલિકાની સમગ્ર ટીમ, સમર્પિત સ્વચ્છતા ટીમ, અન્ય કર્મચારીઓ અને સ્થાનિક આગેવાનોએ પણ સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું હતું.



પ્રકાશ પ્રિન્ટર્સ
પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...
તમારા બિઝનેસ લાગો અને ડિટેલ
સાથે પોસ્ટર મેળવો
Happy NAVRATRI
જય શ્રી કૃષ્ણ
Happy Raksha Bandhan
Happy Diwali
માત્ર
249
1 વર્ષ
7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઈસની)
વોટ્સેપ + ફેઈસબુક + ઈન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે
સાથે મેળવો અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ
કોલીંગ ડીરેકટરી અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....
એપ ડાઉનલોડ કરો અને
2 દિવસ ડેમો ફ્રી મેળવો
LIMITED OFFER
તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ મોબાઇલનાં પ્લેસ્ટોરમાં જઈને
PRAKASH PRINTERS
વધારે માહીતી માટે સંપર્ક - 9409545745

તારીખ : 18/09/2026

# જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમિનારમાં જે.વી. મોદી હાઈસ્કૂલના મકવાણા પ્રિન્સે પ્રથમ સ્થાન મેળવ્યું




સાવરકુંડલા: ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (DST), ગવર્નમેન્ટ ઑફ ગુજરાત તથા નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ મ્યુઝિયમ, સાંસ્કૃતિક મંત્રાલય, ભારત સરકારની નિશ્રામાં ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલ ભવન, અમરેલી ખાતે રાષ્ટ્રના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે તેમના સેવા સંકલ્પ અભિયાનને ચરિતાર્થ કરતા જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સેમિનારમાં અમરેલી જિલ્લાના વિવિધ શાળાઓના આશરે 80 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સેમિનારનો વિષય "ભારતીય ઊર્જા બાસ્કેટ 2047 – સંભાવનાઓ અને પડકારો" રાખવામાં આવ્યો હતો.

આસ્પર્ધામાંજે.વી.મોદીહાઈસ્કૂલ,સાવરકુંડલાના વિદ્યાર્થી મકવાણા પ્રિન્સે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. વિદ્યાર્થીને શાળાના શિક્ષકશ્રી સાવજ નીતિનભાઈ તથા શિક્ષકશ્રી હરેશભાઈ ગુજરાતી દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીની આ સિદ્ધિ બદલ નૂતન કેળવણી મંડળના પ્રમુખશ્રી ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખશ્રી કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મુકુંદભાઈ નાગ્રેચા તથા ટ્રસ્ટી મંડળના સભ્યો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.તેમજ વિદ્યાર્થીને સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવા બદલ જે.વી. મોદી હાઈસ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલશ્રી જીતુભાઈ ભટ્ટનો શાળા પરિવાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.બાલ ભવનના ડાયરેક્ટરશ્રી નિલેશભાઈ પાઠક તથા ચેતનભાઈ ત્રિવેદીએ પણ વિદ્યાર્થી મકવાણા પ્રિન્સને પ્રથમ સ્થાન મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

તારીખ : 18/09/2026

# BISના માર્ગદર્શન હેઠળ જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની ગુજરાત કોલા કંપની ખાતે ઈન્ડસ્ટ્રી વિઝિટ




સાવરકુંડલા: ભારતીય માનક બ્યુરો (B I S ) ના માર્ગદર્શન હેઠળ જે.વી. મોદી હાઈસ્કૂલ, સાવરકુંડલાના વિદ્યાર્થીઓ માટે ગુજરાત કોલા કંપની, રાજુલા ખાતે ઈન્ડસ્ટ્રી વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. BIS તરફથી B I S ઓફિસર અભિનવ સર ઉપસ્થિત રહ્યા હતા.ઈન્ડસ્ટ્રી વિઝિટ દરમિયાન વિદ્યાર્થીઓએ કંપનીની કામગીરી, ઉત્પાદન પ્રક્રિયા તથા ઔદ્યોગિક વ્યવસ્થાપન અંગે પ્રત્યક્ષ માહિતી મેળવી હતી. સાથે જ ઉદ્યોગ ક્ષેત્રે ગુણવત્તા, સલામતી અને ભારતીય માનકોના મહત્વ અંગે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક તથા ઉપયોગી સાબિત થઈ હતી.આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકશ્રી સાવજ નીતિનભાઈ તથા શિક્ષકશ્રી હરેશભાઈ ગુજરાતી દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન અને સહયોગ આપવામાં આવ્યો હતો.આ સમગ્ર શૈક્ષણિક આયોજન બદલ નૂતન કેળવણી મંડળના પ્રમુખશ્રી ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખશ્રી કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મુકુંદભાઈ નાગ્રેચા તથા ટ્રસ્ટી મંડળના સભ્યો‌નો શાળા પરિવાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.તેમજ વિદ્યાર્થીઓને આવી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં જોડાવા માટે સતત પ્રોત્સાહન અને સહકાર આપવા બદલ જે.વી. મોદી હાઈસ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલશ્રી જીતુભાઈ ભટ્ટ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તારીખ : 18/09/2026

# શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામાં "હિન્દી સપ્તાહ"ઉજવાયું...

શ્રી નુતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામાં પ્રિન્સિપાલશ્રી ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ 14 ,સપ્ટેમ્બર "હિન્દી દિવસ "સંદર્ભે હિન્દી સપ્તાહની ઉજવણી કરવામાં આવીહતી.' કોલેજમાં "હિન્દી સપ્તાહ" અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં નિબંધ સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા ,કાવ્ય પઠન સ્પર્ધા , તેમજ વક્તૃત્વ સ્પર્ધાઓ યોજાઈ હતી. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ખુમાણ રાજવી, બીજા ક્રમે ધોળકિયા દેવાંગી અને ચુડાસમા ધારા રહ્યા હતા. ત્રીજા ક્રમે રાઠોડ રેણુકા , મહેતા અસ્મિતા અને આંબલીયા જ્યોત્સના રહ્યા હતા.હતા. કાવ્ય પઠન સ્પર્ધામાં પ્રથમ ક્રમે બારૈયા તેજલ બીજા ક્રમે ચુડાસમા ધારા અને ત્રીજા ક્રમે ખોખર સુફિયા અને વાઘેલા અસ્થાના રહ્યા હતા. પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વાઘેલા અસ્તાના બીજા ક્રમે જાદવ શ્રદ્ધા અને ત્રીજા ક્રમે મકવાણા રુચિતા તેમજ વાળા હિરલ રહ્યા હતા. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે તમગડીયા નિરૂપા બીજા ક્રમે ધોળકિયા દેવાંગી અને વાઘેલા અસ્થાના રહ્યા હતા. ત્રીજા ક્રમે ગોલેતર પૂજા અને રાબિયા ચૌહાણ રહ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને પ્રિન્સિપલશ્રી ચાવડા સાહેબે અભિનંદન પાઠવ્યા હતા. સ્પર્ધાઓમાં નિર્ણાયકની ભૂમિકા ડૉ.પ્રતિમાબેન શુક્લ,ડૉ. રુક્સાનાબેન કુરેશી અને સોનલબેન જોબનપુત્રાએ નિભાવી હતી. કાર્યક્રમનું આયોજન ડૉ.કે.પી .વાળા અને સોનલબેન જોબનપુત્રાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી હતી.







નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક



## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રૂટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

## નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

કે.ડી. NEWS
તારીખ : 18/09/2026
નો નેગેટીવ ન્યુઝ
KD SINCE 1923 NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"ઘડાને મજબૂત થવા માટે એણે જો આગમાં પ્રવેશ કરવો જરૂરી જ છે, સુવર્ણને વિશુદ્ધ બનવા માટે એણે જો આગમાં પ્રવેશ કરવો જરૂરી જ છે તો જે પોતાનાં મનને મજબૂત બનાવવા માગે છે અને આત્મદ્રવ્યનો વિશુદ્ધ બનાવવા માગે છે એણે પોતાની થતી ટીકાને અને નિંદાને મર્દાનગીથી સાંભળતા રહેવાની ક્ષમતા કેળવવી જ પડે છે. જે સાંભળી શકે છે એ જ પોતાની જાતને સંભાળી શકે છે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva

**3519**
**18/09/2026**
**Friday**

## आत्मा

अगले करीब "८०० साल"
तक अनुभूती का ज्ञान
श्री मंगलमुर्तीयो के
माध्यम से मिलता रहेगा।

बाबा स्वामी
18/9/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**વિકટ** પરિસ્થિતિ કોને કહેવાય ના સવાલ માં ચિન્ટુ એ જવાબ આપ્યો છીંક આવે અને ચાનો કપ હાથ માં હોય અને એને મૂકવા માટે આજુબાજુ ક્યાંય જગ્યા ન હોય..

**શિક્ષક:** કહો, દુનિયામાં સૌથી વધુ મહેનત કોણ કરે છે?વિદ્યાર્થી: મમ્મી!
શિક્ષક: કેવી રીતે?વિદ્યાર્થી: હું સૂઈ જાઉં પછી પણ કહે છે, “કાલે વહેલા ઊઠજે!” ..

**મોન્ટુ:**"પહેલો સગો પાડોશી" કહેવાતું હોય તો એ સગો પાડોશી પપ્પુ "WI FI" માં પાસવર્ડ શું કામ રાખતો હશે????...

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 18 સપ્ટેમ્બર
# મહત્વની ઘટનાઓ

**જન્મ**

૫૩ – ટ્રાજન, રોમન સમ્રાટ (અ. ૧૧૭)

૧૮૮૩ – મદનલાલ ધિંગરા, ભારતીય ક્રાંતિકારી (અ. ૧૯૦૯)

૧૮૯૫ – દિગ્વિજયસિંહજી જાડેજા, નવાનગર રાજ્યના શાસક (અ. ૧૯૬૬)

૧૯૦૯ – મોહનલાલ લલ્લુભાઈ દાંતવાળા, ભારતીય કૃષિ અર્થશાસ્ત્રી અને શૈક્ષણિક લેખક (અ. ૧૯૯૮)

૧૯૫૦ – શબાના આઝમી, ફિલ્મ, ટેલિવિઝન અને રંગમંચના ભારતીય અભિનેત્રી

૧૯૫૪ – બિંદુ ભટ્ટ, ગુજરાતી ભાષાના નવલકથાકાર, વાર્તાકાર, વિવેચક અને અનુવાદક

**અવસાન**

૧૮૩૦ – વિલિયમ હેઝલિટ, અંગ્રેજ લેખક, નિબંધકાર, વિવેચક, ચિત્રકાર અને તત્ત્વચિંતક (જ. ૧૭૭૮)

૧૯૪૫ – આર. શ્રીનિવાસન, અનુસૂચિત જાતિના કાર્યકર અને બ્રિટિશ ભારતના તત્કાલીન મદ્રાસ પ્રેસિડેન્સી (વર્તમાન તમિલનાડુ)ના રાજકારણી (જ. ૧૮૬૦)

૧૯૫૮ – ભગવાન દાસ, ભારતીય થીઓસૉફિસ્ટ અને સામાજિક કાર્યકર (જ. ૧૮૬૯)

૧૯૯૨ – મોહમ્મદ હિદાયતુલ્લાહ, ભારતીય વકીલ, ન્યાયાધીશ અને રાજકારણી, ભારતના છઠ્ઠા ઉપરાષ્ટ્રપતિ (જ. ૧૯૦૫)

**તહેવારો અને ઉજવણીઓ**

વિશ્વ જળ દેખરેખ દિવસ

તારીખ : 18/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 18/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે **ફ્રી ડીલેવરી**

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| Instagram | Facebook | YouTube | WhatsApp |
| --- | --- | --- | --- |
| 83K | 55K | 43K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**